પોષણમાહની ગુજરાતમાં રાજ્યવ્યાપી ઉજવણીના આયોજન માટે ગાંધીનગર ખાતે આઈ.સી.ડી.એસના ડાયરેકટર શ્રી રણજીતકુમાર સિંહના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ વિભાગો દ્વારા કરાયેલી તૈયારીઓની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ વર્ષે પોષણ ક્ષેત્રે ગુજરાત નંબર-૧ રહે એવા આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.

આઈ.સી.ડી.એસના નાયબ નિયામક અને પોષણ અભિયાનના જોઈન્ટ પ્રોજેકટ કો.ઓર્ડિનેટર શ્રી નેહા કંથારિયાએ તમામ નોડલ અધિકારીશ્રીઓને પોષણ માહ-૨૦૨૩માં થનાર વિવિધ થીમ પર યોજાનાર પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. નોડલ અધિકારીશ્રીઓએ પણ "પોષણમાહ"ની તેમના વિભાગની પ્રવૃત્તિઓના આયોજનની વિગતો આપી હતી.

આ વર્ષે પોષણ માહની ઉજવણી દરમિયાન ભારતમાં પોષણ આધારિત માનવજીવનના મુખ્ય તબક્કાઓ એટલે કે ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થા વિશે જાગૃતિ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને આ વર્ષે "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત'' પોષણ માહની થીમ નિયત કરાઈ છે. પોષણ માહ ૨૦૨૩ દરમિયાન, માત્રને માત્ર સ્તનપાન અને પૂરક આહાર, સ્વસ્થ બાળક સ્પર્ધા (SBS), પોષણ ભી પઢાઈ ભી (PBPB), મિશન LiFE દ્વારા પોષણ સ્તરમાં સુધારો, મારી માટી મારો દેશ (MMMD), આદિવાસી આધારીત પોષણ સેન્સિટાઈઝેશન ટેસ્ટ, ટ્રીટ, ટોક - એનિમિયા થીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવશે.

રાજ્યભરમાં પોષણ માહની ઉજવણી નિમિત્તે વિભાગોના સંકલનથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે જેમાં સ્તનપાન અને ઉપરી આહાર માટે વધુ સમજ કેળવવા માટે કેમ્પ તથા ગૃહ મુલાકાત કરી લાભાર્થીઓને સમજ, સ્તનપાનની યોગ્ય પદ્ધિઓ સહિત આહારલક્ષી વૈવિધ્યતા વિશે લોકોને જાગૃત કરવામાં આવશે. તમામ આંગણવાડી કેન્દ્રોમાં સ્વસ્થ બાળક સ્પર્ધાનું આયોજન કરી ગ્રોથ મેઝરમેન્ટ ડ્રાઈવ (SAM/ MAM સ્ક્રીનીંગ)આરોગ્ય વિભાગના સહયોગથી કરવામાં આવશે.

સમગ્ર પોષણ માસ દરમ્યાન સમુદાય આધારિત કાર્યક્રમો, મમતા દિવસની ઉજવણી, પોષણના ૫ સૂત્ર અંતર્ગત પ્રથમ ૧૦૦૦ દિવસ હાઈજીન વિશે સેન્સેટાઈઝેશન પ્રવૃત્તિઓ, પ્રસુતિ પૂર્વેની તપાસ, અન્નપ્રાશન દિવસ, સુપોષણ દિવસ, રસીકરણ કેમ્પ, સાયકલ રેલી / પદયાત્રા / પ્રભાત ફેરી, હાટ (ગુર્જરી) બજાર એકટીવિટી, સ્થાનિક આગેવાનો / નેતાઓ સાથે મિટીંગ, નુકકડ નાટક / ફોક શો (ભવાઈ શો), પોષણ વર્કશોપ / સેમીનાર, યુવા જૂથો સાથે મિટીંગ, તારૂણ્ય શિક્ષણ જેવી વૈવિધ્ય સભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

આ ઉપરાંત આઈસીડીએસના કર્મચારીઓ દ્વારા રોજ આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે જે તે મહિનામાં દાખલ થવા પાત્ર બાળકોનાં વાલી અને આંગણવાડીમાં આવતા બાળકોના વાલીઓની મુલાકાત કરાશે. આંગણવાડીમાં રમકડા અને રમત આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમુદાય કેન્દ્રિત ખેલો ઔર પઢો કાર્યક્રમ કરી સ્થાનિક રમકડાં મેળાનું પણ આયોજન કરવામાં આવશે.

પોષણ અભિયાન અંતર્ગત મિશન LiFE દ્વારા પોષણ સ્તરમાં સુધારાની થીમ અંતર્ગત આંગણવાડી કેન્દ્ર પર વરસાદી પાણીના સંગ્રહ - રેઈનવોટર હાર્વેસ્ટિંગ (RWH) દ્વારા જળ સંરક્ષણની કામગીરી તથા વર્કશોપનું આયોજન કરાશે. આ ઉપરાંત યોગ, સ્થાનિક ખોરાક વગેરે જેવી આયુષ પદ્ધતિઓ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા બાબતે ઝૂંબેશ કરવામાં આવશે.

આ ઉપરાંત મિલેટ અને પોષણ વાટિકાને પ્રોત્સાહન આપીને ટકાઉ આહાર પધ્ધતિઓ અપનાવાના સંદર્ભમાં મિલેટ પર ધ્યાન કેન્દ્રિત કરતી રેસીપી સ્પર્ધા, કિશોરીઓના સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતિ માટે સેશન, બેકયાર્ડ કિચન ગાર્ડન્સને પ્રોત્સાહન આપવાનું અભિયાન, મિલેટસ આધારિત ખાદ્ય ચીજવસ્તુઓથી બનેલી ત્રિરંગા/મેઘધનુષ્ય/પરંપરાગત થાળીને પ્રોત્સાહન આપવા માટેના કાર્યક્રમો તથા એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) માં એનિમિયા કેમ્પ અને તે દરમ્યાન મિલેટની ભૂમિકા વિશે સેન્સેટાઈઝ કરવામાં આવશે.

'મારી માટી મારો દેશ' અંતર્ગત પોષણ શપથ, વસુધા વંદન- અમૃત વાટીકા (પોષણ વાટીકા) બનાવવી, વીરો કા વંદન- ગામ/પંચાયતના સ્વાતંત્ર્ય સેનાનીઓ/બહાદુરો અને તેમના પરિવારોનું સન્માન તથા રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને રાષ્ટ્રગીતનું ગાન કરવા લોકોને પ્રેરિત કરવામાં આવનાર છે. આદિવાસી કેન્દ્રિત પોષણ સેન્સેટાઈઝેશનમાં મિલેટ/ સ્થાનિક ખોરાક/એનિમિયા માટે પરંપરાગત ખોરાક વગેરે અંગે આદિવાસી સમુદાયોને સેન્સેટાઈઝ કરી આદિવાસી જિલ્લાઓમાં બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે એનિમિયા કેમ્પનું આયોજન કરવામાં આવશે.

ટેસ્ટ, ટ્રીટ, ટોક (T3) – એનીમીયા હેઠળ આરોગ્ય વિભાગ સાથેના સંકલનથી વિવિધ લક્ષિત જૂથો જેવા કે બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓમાં એનિમિયા નિદાન કેમ્પ કરવામાં આવશે. SHG, NSS/ NYK વગેરે સાથે એનિમિયા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન અને એનિમિયા વિશે પંચાયતોને સંવેદનશીલ કરવા વિશેષ સેશન ગોઠવવામાં આવશે.

# શ્રાવણીયો જુગાર રમતા શકુનીઓને પકડી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી હિમતનગર ગ્રામ્ય પોલીસ

અમદાવાદ, નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી, વિર્કેદ્રસિંહ યાદવ સાહેબ ગાંધીનગર વિભાગ, ગાંધીનગર તથા પોલીસ અધિક્ષકશ્રી વિજય પટેલ સાહેબ સાબરકાંઠા હિમતનગરનાઓએ જિલ્લામાં જુગાર બદીને નેસ્ત નાબુદ કરવા સુચન કરેલ હોઇ તે અન્વયે શ્રી એ.કે.પટેલ, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, હિમતનગર વિભાગ, હિમતનગર તેમજ પ્રો.નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.યુ.ઝાલા સાહેબ તથા સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી શ્રી પી.પી.વાઘેલા સાહેબ હિમતનગર સર્કલના નાઓના માર્ગદર્શન હેઠળ અમો પોલીસ સબ ઈન્સપેકટર વાય.બી.બારોટનાઓએ જુગાર બદીને નેસ્ત નાબુદ કરી જુગાર રમતા ઈસમોને પકડી પાડવા જરૂરી માર્ગદર્શન આપી પોલીસ સ્ટાફના માણસો સાથે આ દિશામાં સતત વોચ રાખી કાર્યરત રહેલ.અમો તથા પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન હાજર હતા તે દરમ્યાન આ.પો.કો ભાવેશસિંહ રામસિંહ તથા આ.પો.કો કુલદિપકુમાર અજયભાઈનાઓને ખાનગી રાહે સંયુકત બાતમી મળેલ કે નવલપુર ગામમાં દરબાર વાસમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજી પાનાથી પૈસાનો હાર જીતનો જુગાર રમી રમાડે છે. જ હકીકતવાળી જગ્યાએ જતા કેટલાક ઈસમો જુગાર રમી રમતા હોય જયા રેઈડ કરતા (૧) ચમાર ભરતભાઈ પુંજાભાઈ ઉ.વ.૪૦ (૨) પરમાર વિક્રમસિંહ દીનેશસિંહ ઉ.વ.૩૦ (૩)મકવાણા ડાહ્યાભાઈ ધનાભાઈ ઉ.વ.૪૨ તમામ ઈસમો રહે.નવલપુર તા.હિમતનગર જી.સા.કાં વાળાઓને જુગાર રમી રમતા પકડેલ જે આરોપીઓની અંગ જડતી માંથી મળેલ રોકડ રુપીયા. ૮૫૮૦ /- તથા દાવ પરની રોકડ રૂપીયા.૩૬૨૦/-એમ મળી કુલ રોકડ રૂપિયા..૧૨,૨૦૦/-ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય જેઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે. આમ હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટાફ ધ્વારા જુગારનો ગણાનાપાત્ર કેશ શોધી સરાહનીય કામગીરી કરેલ છે.

# ગુજરાતના ભૈરવી મોદી, સારિકા મહેતા અને કારીગર સંજય મનુભાઈ ચિતારા જમ્મુના SAMA-VAYA આર્ટ રીટ્રીટમાં ભાગ લેશે



અમદાવાદ, જમ્મુનું પ્રીમિયર આર્ટ રીટ્રીટ સંગીત વેલીમાં સ્થિત પર્વતીય સ્થળ સ્કાયવ્યૂ બાય એમ્પિરિયન ખાતે યોજાશે અને જેમાં અનુપા મહેતા અને અનુરાધા સોરાબજીની ક્યુરેટરશીપ હેઠળ ભારતભરમાંથી છ પસંદ કાર્યએલ કલાકારો અને આર્ટિસ્ટ ભાગ લેશે .

સ્કાયવ્યૂ બાય એમ્પિરિયન , મનોહર પટનીટોપના હૃદયમાં આવેલું ૨૨-એકરનું પહાડ પર ફેલાયેલ સ્થળ , ૫-૧૦ સપ્ટેમ્બર દરમિયાન જમ્મુ ખાતે પ્રથમ વખત SAMA-VAYA નામના પ્રાયોગિક આર્ટ રીટ્રીટનું આયોજન કરવા માટે તૈયાર છે. આર્ટ કન્સલ્ટન્ટ અનુપા મહેતા દ્વારા આયોજિત અને ક્યુરેટેડ, જેને અનુરાધા સોરાબજી દ્વારા મદદ કરવામાં આવશે, રીટ્રીટમાં ભાગ લેવા અને સહયોગ કરવા માટે ભારતભરમાંથી છ પ્રતિભાશાળી, વખાણાયેલા કલાકારો અને કારીગરોને આવકારશે. એમ્પાયરિયન દ્વારા જમ્મુ, પર્યાવરણ અને સ્કાયવ્યૂની તેમની ઈમેજ બનાવવા માટે કલાકારો વ્યક્તિગત રીતે તેમજ જોડીમાં કામ કરશે. ભાગ લેનાર છ કલાકારોમાં ત્રણ ગુજરાતના છે. અમદાવાદની પ્રતિભાશાળી કલાકાર ભૈરવી મોદી તેના લોકસાહિત્યના તેલ ચિત્રો માટે પ્રખ્યાત છે. તેણીના કેનવાસ રંગબેરંગી વર્ણનોમાં જીવનનો શ્વાસ લે છે, ઐતિહાસિક અહેવાલો સાથે એકીકૃત રીતે મૂળ સર્જનોને મિશ્રિત કરે છે, એક દ્રશ્ય તહેવારની ઓફર કરે છે જે તેણીની મૂળ ગુજરાતની સંસ્કૃતિની સમૃદ્ધિની ઉજવણી કરેછે. —

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

## ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ

CIN : L29100GJ1989PLC012576

રજી.ઓફિસ : બ્લોક નં.૨૧૦૬, સાંતેજ-ખાત્રજ રોડ, શાહ અલોયસ લિ. પાસે, ગામ-સાંતેજ, તા.કલોલ, જી.ગાંધિનગર-૩૮૨૭૨૧, ગુજરાત. ઈ-મેલ આઈડી : finance@geotexelin.com વેબસાઈટ : www.geotexelin.com ફોન : ૮૯૮૦૦૨૬૨૨૦/૨૬૧૧૦

**નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ (કંપની)ની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) કંપની શુક્રવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧.૩૦ (આઈએસટી) વાગ્યે વિડિયો કોન્ફરન્સીંગ (''વીસી'') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') સવલત દ્વારા યોજાશે. કંપની કાયદા, ૨૦૧૩ (''એક્ટ'')ની લાગુ જોગવાઈઓ અને તે હેઠળ રચાયેલ નિયમો ના પાલનમાં સાથે સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તા. ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તા.૧૩ એપ્રિસ ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના ૦૨/૨૦૨૧, ૨/૨૦૨૨ અને ૫ મે ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ના ૧૦/૨૦૨૨ ના કોર્પોરેટ બાબતોના મંત્રાલય અને સેબીના પરિપત્ર નંબર તા. ૧૨મી મે, ૨૦૨૦ના રોજ જારી કરાયેલા **SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79,** ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ જારી કરાયેલા **SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11,** ૧૩મી મે, ૨૦૨૨ના રોજ જારી કરાયેલા **SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62,** અને જાન્યુઆરી ૫, ૨૦૨૩ના રોજ જારી કરાયેલા **SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4,** સભ્યોની ભૌતિક હાજરી વિના, અનુસરતા એજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાયોના વ્યવહારો પાર પાડવા માટે એજીએમ યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ સાથેની એજીએમ નોટિસ અને જેમા ડિરેક્ટર્સ રિપોર્ટ, ઓડિટર્સ રિપોર્ટ, ઓડિટેડ ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) એવા સભ્યોને ઈ-મેલ દ્વારા મોકલવામાં આવશે જેમના ઈ-મેલ આઈડી કંપની/ આરટીએ /ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે નોંધાયેલા છે. અને ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.geotexelin.com ઉપર અને બોમ્બે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે. તથા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા)લિમિટેડ (સીડીએસએલ)ની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ છે. વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસ મોકલવાની પ્રક્રિયા ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ ગઈ છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓનું પાલન કરતાં, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન)નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ સાથે સમય સમય પર સુધારેલાં સેબીના નિયમન ૪૪ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ)રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમો અને ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સામાન્ય સભાઓ પર સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ :

૧. કંપની ૩૪મી એજીએમની નોટિસમાં નિર્ધારિત ઠરાવો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી તેમનો મત આપવા માટે તેના સભ્યોને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગની સુવિધા તેમજ ઈ-વોટિંગની સુવિધા પુરી પાડે છે.
૨. રિમોટ ઈ-વોટિંગ શરૂ થવાનો દિવસ, તારીખ અને સમય : સોમવાર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ (સવારે ૧૦-૦૦ કલાકે)
૩. રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત થવાનો દિવસ, તારીખ અને સમય : ગુરૂવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૩ (સાંજે ૫-૦૦ કલાકે)
૪. કટ-ઓફ તારીખ : શુક્રવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩
૫. કોઈપણ વ્યક્તિ જે શેર મેળવે છે, એજીએમની નોટિસ મોકલ્યા બાદ કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શેર ધરાવે છે તેઓ એજીએમની નોટિસમાં આપલે સૂચનાઓને અનુસરીને પોતાનો મત આપી શકશે.
૬. જે સભ્યો એજીએમમાં વીસી /ઓએવીએમ દ્વારા હાજરી આપશે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર તેમનો મત આપેલ નથી અને અન્યથા આમ કરવાથી પ્રતિબંધિત નથી તેઓ એજીએમ દરમિયાન તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે. ઈ-વોટિંગ માટેની સુવિધા એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવશે. સભ્યો માટે એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની રીત એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે.
૭. સભ્યોને નોંધ લેવા માટે વિનંતી કરવામાં આવે છે : (એ) રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા ગુરૂવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સાંજે ૫-૦૦ કલાક પછી મતદાન માટે અક્ષમ કરવામાં આવશે. (બી) જે સભ્યોએ પહેલેથીજ રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપેલ છે તેઓ એજીએમમા વીસી /ઓએવીએમ દ્વારા હાજરી આપી શકશે પરંતુ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર રહેશે નહીં. (સી) કટ-ઓફ તારીખ એટલેકે ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શેર ધરાવતા સભ્યો ફક્ત ૩૪મી એજીએમમાં રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ સિસ્ટમની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે.

વીસી /ઓએવીએમ દ્વારા ઈ-વોટિંગ અને એજીએમમાં હાજરી આપવા સંબંધિત કોઈપણ પ્રશ્નો અથવા સમસ્યાઓ માટે સભ્યો શ્રી રાકેશ દલવી, સિનિયર મેનેજર, સીડીએસએલ, ૨૫મો માળ, એવિંગ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ-૪૦૦૦૧૩ પર સંપર્ક કરી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ લખી મોકલી શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ ઉપર ફોન કરી શકે છે.

ટેક્સેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ માટે,
ધ્રુવી પટેલ
કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર

તારીખ : ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સ્થળ : અમદાવાદ

## વા સોલર લિમિટેડ

સીઆઈએન : L45200GJ1992PLC018392

રજી. ઓફિસ : માધવ હાઉસ, પ્લોટ નં. ૪, પંચરત્ન ટાવર પાસે, સુભાનપુરા, વડોદરા– ૩૯૦ ૦૨૩ ફોન : +૯૧-૨૬૫-૨૨૯૦૭૨૨ ઈમેઈલ : info@waasolar.org વેબસાઈટ : www.waasolar.org

**કંપનીની ૧૪મી વાર્ષિક જનરલ મીટીંગની નોટીસ અને ઈ-વોટીંગની માહિતી**

આથી નોટીસ આપવામાં આવે છે કે વા સૉલર લિમિટેડ (ધી કંપની) ના સભ્યોની ૧૪મી **વાર્ષિક જનરલ મીટીંગ,** બુધવાર, ૨૭, સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ બપોરે ૦૪.૦૦ કલાકે વીડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય દ્રશ્ય શ્રાવ્ય માધ્યમો (ઓએવીએમ) મારફતે યોજાશે. કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા આપવામાં આવેલા સામાન્ય પરિપત્રો નંબર ૨૦/૨૦૨૦, ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧ અને સેબી દ્વારા આપવામાં આવેલા પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/સીઆઈઆર/પી/૨૦૨૦/૭૯ ના અનુપાલનમાં, કંપનીઓને એક કોમન સ્થળે સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વગર વીસી/ઓએવીએમ મારફતે વાર્ષિક જનરલ મીટીંગ યોજવાની પરવાનગી આપવામાં આવી છે. તેથી વાર્ષિક જનરલ મીટીંગની નોટીસમાં નિર્ધારીત મુજબના વ્યવસાયના વ્યવહારો કરવા માટે કંપનીની એજીએમ વીસી/ઓએવીએમ મારફતે યોજવામાં આવી રહી છે.

મીટીંગની નોટીસ સભ્યોને ઈમેઈલ કરવામાં આવી છે જેમના ઈમેઈલ ઉપલબ્ધ છે અને અન્યોને પ્રસ્તાવિત મોડ દ્વારા મોકલવામાં આવી છે. વાર્ષિક રિપોર્ટ સહિતની નોટીસ કંપનીની વેબસાઈટ www.waasolar.org અને www.bseindia.com પર ઉપલબ્ધ છે.

**રિમોટ ઈ-વોટિંગ અને એજીએમ દરમિયાન ઈ-વોટિંગ માટેની માહિતી**

કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ તેમજ સુધારા સહિતના કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમન, ૨૦૧૪ ના નિયમ ૨૦ અંતર્ગત અને સિક્યુરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ મુજબ, કંપની તેના સભ્યોને એજીએમ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા મત આપવાની સુવિધા વધુમાં કંપની એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા આપી રહી છે (''ઈ-વોટિંગ''), રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપનાર સભ્યો પણ એજીએમમાં ભાગ લઈ શકે છે, પરંતુ તેઓ ફરીથી મતદાન કરવા હકદાર રહેશે નહીં. એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટીસમાં આપવામાં આવી છે. બધા સભ્યોને જાણ કરવામાં આવે છે કે એજીએમ નોટીસમાં ઉલ્લેખ કરેલ ધંધાકીય વ્યવહરોની સમિક્ષા ફક્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ દ્વારા જ કરવામાં આવશે.

૧. ઈ-વોટીંગ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શરૂ થશે.
૨. ઈ-વોટીંગ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે સમાપ્ત થશે.
૩. ઈ-વોટીંગની હકદારી માટેની કટ-ઓફ તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ રહેશે.
૪. વ્યક્તિઓ જેમણે નોટીસની રવાનગી પછી શેરો હસ્તગત કર્યા છે તેઓ evoting@nsdl.com ખાતે વિનંતી મોકલવા દ્વારા લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
૫. ઈ-વોટીંગ સમયગાળાની સમાપ્તિ પછી રિમોટ ઈ-વોટીંગની મંજૂરી આપવામાં આવશે નહીં.
૬. સભ્યોનું રજીસ્ટર અને કંપનીની શેર ટ્રાન્સફર બુક્સ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ (બંને દિવસો સહિત) સુધી ૧૪મી એજીએમના હેતુસર બંધ રહેશે.

જોકે, વ્યક્તિ જો રિમોટ ઈ-વોટીંગ માટે એનએસડીએલ સાથે અગાઉથી નોંધાયેલા હોય તો મત આપવા માટે વર્તમાનના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકશે. જો વ્યક્તિ એનએસડીએલ ઈ-સેવાઓ એટલે કે IDEAS માટે પણ નોંધાયેલા હોય, તો તેઓ તેમના મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટે તેમના વર્તમાનના IDEAS લોગીન અને પાસવર્ડ સાથે https://eservices.nsdl.com/ ખાતે લોગીન થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ પાસવર્ડ ભૂલી ગયા હોય, તેઓ http://www.evoting.nsdl.com પર પર ઉપલબ્ધ 'Forgot User Details/Password?' અથવા 'Physical User Reset Password?' વિકલ્પનો ઉપયોગ કરીને અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૨૨-૯૯૦ ખાતે ફોન કરીને અથવા evoting@nsdl.co.in ખાતે ઈમેઈલ કરીને તેમનો પાસવર્ડ રિસેટ કરી શકે છે. સભ્યો ઈલેક્ટ્રોનિક વોટીંગ સૂચના માટે વાર્ષિક જનરલ મીટીંગની નોટીસ, કોઈપણ પૂછપરછના મામલામાં એનએસડીએસની ઈ-વોટીંગ વેબસાઈટ http://www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેક્શન ખાતે ઉપલબ્ધ શેરહોલ્ડર્સ માટે ફ્રિક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચ્સ (એફએક્યુઝ) અને સભ્યો માટે ઉપલબ્ધ ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલ જોઈ શકે છે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૨૨-૯૯૦ ઉપર ફોન કરી શકે છે અથવા evoting@nsdl.co.in ખાતે ઈમેઈલ કરી શકે છે.

ઈ-વોટીંગ અથવા વીસી ની સુવિધાને લગતી કોઈપણ ફરિયાદોના મામલામાં, સભ્યો એનએસડીએલને, ટ્રેડ વર્લ્ડ, એ વિંગ, ૪થા અને પાંચમા માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ઈમેઈલ આઈડીઃ evoting@nsdl.co.in અને ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૨૨ ૯૯૦/૦૨૨-૪૮૮૬૭૦૦૦,૦૨૨-૨૪૯૯૭૦૦૦ ઉપર સંપર્ક કરી શકે છે.

વા સૉલર લિમિટેડ, માટે
સહી/-
અમિત ખુરાના
ચેરમેન અને એમડી
[ડીઆઈએનઃ ૦૦૦૦૩૬૨૬]

સ્થળ : વડોદરા
તારીખ : ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૩

## શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.

SHRIRAM HOUSING FINANCE

**રજીસ્ટર્ડ ઓફિસ : ઓફિસ નં. ૧૨૩, અંગપ્પા નાઈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ-૬૦૦૦૦૧.**
**હેડ ઓફિસ : લેવલ - ૧, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧.**
**વેબસાઈટ : www.shriramhousing.in**

## સાંકેતિક પઝેશન નોટીસ

આથી, **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ (SHFL)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એકટ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ઉધારકર્તાઓને ડીમાન્ડ નોટીસ જારી કરીને નીચે દર્શાવેલ ટેબલમાં દર્શાવેલ રકમ ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૦૯.૨૦૨૩** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ** ની નીચે મુજબની બાકી રકમ વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

**"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."**

| ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નું નામ અને સરનામું | ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેંણી રકમ |
|---|---|
| **(૧). બુધદેવ વર્ષાબેન ભરતભાઈ, (૨). બુધદેવ યશ ભરતભાઈ, (૩). બુધદેવ મિહીર ભરતભાઈ, ક્રમ નં. ૧, ૨ અને ૩ સરનામું :-** શેરી નં. એ/૩, ફુલવાડી રોડ, પટેલ સમાજ પાસે, જેતપુર, રાજકોટ - ૩૬૦૩૭૦ **અને અહી પણ સરનામું નં. ૧, ૨ અને ૩ :-** પ્લોટ નં. ૧૩, શ્રી ગજાનંદ, શ્રીજી પાર્ક, કુમાર રેસીડેન્સી થી પાછળ, ઓફ જુનાગઢ રોડ, જીયો ટાવરની પાસે, એરીયા : શ્રીજી પાર્ક, જેતપુર - ૩૬૦૩૭૦, તાલુકો - જેતપુર, નવાગઢ, જીલ્લો - રાજકોટ **અને સરનામું નં. ૧ :-** બુધદેવ વર્ષાબેન ભરતભાઈ, સરનામું : કિડ્સ ઝોન, પંકજ નિટીંગ્સ કોમ્પ્લેક્ષ, માટવા શેરી, જેતપુર, રાજકોટ - ૩૬૦૩૭૦. | રૂા. ૩૩,૫૯,૩૯૮/- (રૂા. ત્રેત્રીસ લાખ ઓગણસાહીઠ હજાર ત્રણસો અઠ્ઠાણું પુરા), તા. ૦૮.૦૬.૨૦૨૩ ના સુધીનું, એકાઉન્ટ નં. SHLHJTPR0000121, રૂા. ૧,૪૭,૨૪૧/- (રૂા. એક લાખ સુડતાલીસ હજાર બસ્સો એકતાલીસ પુરા), તા. ૦૮.૦૬.૨૦૨૩ ના સુધીનું, એકાઉન્ટ નં. SLPHJTPR0000137, ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ --------- ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૨.૦૬.૨૦૨૩ |

**મિલકતનું વર્ણન**

રહેણાંક મિલકત જેતપુર, આર.એસ. નં. ૨૯/પૈકી - ૩ અને ૩૦/પૈકી - ૩, કુલ ક્ષેત્રફળ ૨૫૩૯૫.૦૦ સ્કે.મી., બીન ખેતીલાયક જમીનનો રહેણાંક હેતુ માટે, ''શ્રીજી પાર્ક'' થી જાણીતી સ્કીમ, પ્લોટ નં. ૧૩, ક્ષેત્રફળ ૧૩૧.૧૨ સ્કે.મી. (ક્ષેત્રફળ ૧૫૬.૮૨ સ્કે. યાર્ડ.) જે સ્થિત જેતપુર, જીલ્લો - રાજકોટ.

**ચતુઃસીમા :- પૂર્વે :** રોડ, **ઉત્તરે :** મિલકતનો પ્લોટ નં. ૧૨, **પશ્ચિમે :** મિલકતનો પ્લોટ નં. ૨૬, **દક્ષિણે :** મિલકતનો પ્લોટ નં. ૧૪.

**સહી/-,**
**અધિકૃત અધિકારી,**
**શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ**

**સ્થળ : જેતપુર - રાજકોટ**
**તારીખ : ૦૨.૦૯.૨૦૨૩**

## માધવ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમીટેડ

**CIN: L45200GJ1992PLC018392**

**રજીસ્ટર્ડ ઓફિસ :** માધવ હાઉસ, પ્લોટ - ૪, પંચરત્ન ટાવરની પાસે, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩
**Phone :** +91 - 265 – 2290722 | **Email :** secretarial@madhavcorp.com |
**Website :** www.madhavcorp.com

**૩૦મી વાર્ષિક સામાન્ય સભા અને ઈ-વોટીંગની માહીતીની સૂચના**

સૂચના આથી આપવામાં આવે છે કે માધવ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમીટેડ (કંપની) ના સભ્યોની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા (કંપની) બુધવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે (IST) વિડીયો દ્વારા યોજાશે. કોન્ફરન્સિંગ [VC] / અન્ય ઓડિટ વિઝ્યુઅલ મિન્સ [OAVM] આ કંપની અધિનિયમન, ૨૦૨૩ અને તેના હેઠળ બનાવેલ નિયમોની લાગુ જોગવાઈઓનું પાલન કરે છે. કોર્પોરેટ બાબાતોના મંત્રાલય [MCA] દ્વારા ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ ના રોજ જારી કરાયેલ સૂચનાઓ અને સામાન્ય પરિપત્રો સાથે વાંચવામાં આવે છે અને આ સંદર્ભે અનુગામી પરિપત્ર, નવીનતમ ડિસેમ્બર, ૨૮, ૨૦૨૨ (સામૂહિક રીતે MCA પરિપત્ર તરીકે ઓળખાયેલ), વધુમાં, સેબીએ તેના ૧૨મે, ૨૦૨૦, જાન્યુઆરી ૧૫, ૨૦૨૧, મે ૧૩, ૨૦૨૨ અને જાન્યુઆરી ૫, ૨૦૨૩ ના પરિપત્ર દ્વારા સૂચિબધ્ધ સંસ્થાઓને તેમનો વાર્ષિર અહેવાલ ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવાની મંજુરી આપી છે. કંપનીઓને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના, VC/ OAVM દ્વારા AGM યોજવાની છુટ છે. આથી એજીએમની સૂચનામાં દર્શાવેલ કારોબારનો વ્યવહાર કરવા માટે કંપનીની એજીએમ VC/ OAVM દ્વારા યોજવામાં આવે છે. વાર્ષિક અહેવાલની ભૌતિક નકલો મોકલવાની જરૂરીયાત પૂરી કરવામાં આવી છે, કારણ કે વાર્ષિક અહેવાલો માત્ર એવા શેરધારકોને જ ઈલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવશે જેમના ઈમેલ આઈડી કંપની / રજીસ્ટ્રાર સાથે નોંધાયેલા છે.

જે સભ્યોનું ઈમેલ એડ્રેસ ઉપલબ્ધ છે તેમને મીટીંગની સૂચના ઈમેલ કરવામાં આવી છે અને અન્ય લોકોને નિયત મોડ દ્વારા મોકલવામાં આવી છે. વાર્ષિક અહેવાલ સાથે નોટીસ કંપનીની વેબસાઈટ : www.madhavcorp.com and www.bseindia.com. પર પણ મૂકવામાં આવી છે.

કંપની અધિનિયમન ૨૦૧૩ ની કલમ ૧૩ ની જોગવાઈઓ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે કે સમયાંતરે સિરયોરીટીઝ એન્ડ એકસચેન્ડ બોર્ડ ઓફ ઈન્ડિયાના રેગ્યુલેશન ૪૪ (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરીયાતો) ૨૦૧૪ માં સુધારો કરે છે. ઈન્સ્ટિટયુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા કોઈપણ સુધારા(ઓ), ફેરફાર(ઓ) અથવા તેમાં ફેરફાર(ઓ) અને સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ ("SS-2") સહિત, કંપની તેના સભ્યોને સુવિધા પૂરી પાડવા માટે ખુશ છે. NSDL દ્વારા પૂરી પાડવામાં આવેલ AGM (રિમોટ ઈ-વોટીંગ) ના સ્થળ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટીંગ સિસ્ટમનો ઉપયોગ કરીને નોટીસમાં નિર્ધારીત ઠરાવો પર પોતાનો મત આપવા અને આવા રિમોટ ઈ-વોટીંગ દ્વારા બિઝનેશનો વ્યવહાર થઈ શકે છે.

૧. રિમોટ ઈ-વોટિંગ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ સવારે ૯:૦૦ વાગ્યે આરંભ થશે.
૨. રિમોટ ઈ-વોટિંગ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે.
૩. ઈ-વોટિંગના ઉમેદવારી માટેની કટ-ઓફ તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ છે.
૪. જે વ્યકિતઓએ નોટીસ મોકલ્યા પછી શેર્સ હસ્તગત કર્યા છે તેઓ evoting@nsdl.com પર વિનંતી મોકલીને લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
૫. ઈ-વોટીંગ સમયગાળાના અંત પછી દૂરસ્થ ઈ-વોટીંગને મંજુરી આપવામાં આવશે નહી.
૬. ૩૦મી એજીએમના હેતુ માટે કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુકસ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી ૨૭ સપ્ટેમ્બર, ૫૨૦૨૩ (બંને દિવસો સહિત) બંધ રહેશે.

જો કે, જો વ્યકિત પહેલાથી પહેલાથી જ રિમોટ ઈ-વોટીંગ માટે NSDL સાથે નોંધાયેલ સાથે નોંધાયેલ હોય તો વોટ આપવા માટે વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકાય છે. વૈકલ્પિક રીતે, જો વ્યકિત અને NSDL ઈ-સેવાઓ માટે પણ નોંધાયેલ છે એટલે કે IDEAS, તે ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવા માટે તેના હાલના IDEAS લોગિન અને પાસવર્ડ સાથે https://eservices.nsdl.com/ પર લોગ-ઈન કરી શકે છે. જો વ્યકિત તેનો પાસવર્ડ ભૂલી ગયો હોય, તો તે 'Forgot User Details/Password?' નો ઉપયોગ કરીને તેનો પાસવર્ડ રીસેટ કરી શકે છે અથવા ભૌતિક વપરાશકર્તા પાસવર્ડ રીસેટ http://www.evoting.nsdl.com પર વિકલ્પ ઉપલબ્ધ છે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ - ૨૨૨ - ૯૯૦ પર NSDL નો સંપર્ક કરો અથવા ઈલેક્ટ્રોનિક વોટીંગ સૂચના માટે evoting@nsdl.co.in પર ઈમેલ કરો સભ્યો સાથે મોકલવામાં આવેલી સૂચનાઓ માંથી પસાર થઈ શકે છે. EGM ની સુચના, કોઈ પણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) નો સંદર્ભ લઈ શકે છે અને NSDL ની ઈ-વોટીંગ વેબસાઈટ : http://www.evoting.nsdl.com ના ડાઉનલોડ્સ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે ઈ-વોટીંગ વપરાશકર્તા માર્ગદર્શિકા જોઈ શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ - ૨૨૨ - ૯૯૦ પર ટોલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર ઈમેલ કરી શકો છો.

ઈ-વોટીંગ અથવા વીસીની સુવિધા અંગે કોઈ ફરીયાદના કિસ્સામાં, સભ્યો NSDL ટ્રેડ વર્લ્ડ, એ - વિંગ, ચોથો માળ અને પાંચમો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩ નો સંપર્ક કરી શકે છે ઈમેલ આઈડી : evoting@nsdl.co.in and Toll free no: 1800 222 990/ 91-22-24994200/ 91-22-24994545.

**માધવ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમીટેડ વતી,**
**સહી/-,**
**કિંજલ ખંડેલવાલ,**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૦૫.૦૯.૨૦૨૩**

## યુનિસન મેટલ્સ લિમિટેડ

**CIN No.: L52100GJ1990PLC013964**

રજી.ઓફિસ : પ્લોટ નં.૫૦૧૫, ફેઝ ૪આઈવી, રામોલ ચાર રસ્તા, જીઆઈડીસી, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫ ઈ-મેલ : **unisonmetals@gmail.com**
વેબસાઈટ : **www.unisongroup.net** ફોન નંબર : ૦૭૯ -૨૫૮૪૧૫૧૨

**એજીએમ, ઈ-વોટિંગ અને બુક ક્લોઝરની નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ (આઈએસટી) વાગ્યે વીડીયો કોન્ફરન્સિંગ(વીસી) /અન્ય ઓડિયો વિઝ્યુલ માધ્યમો(ઓએવીએમ)દ્વારા કોર્પોરેટ બાબતના મંત્રાલય (એમસીએ)દ્વારા જારી કરાયેલા માળખા મુજબ ૫મી મે, ૨૦૨૦ના પરિપત્ર નંબર ૨૦/૨૦૨૦ દ્વારા ૮મી એપ્રિલ, ૨૦૨૦ના પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ સાથે વાંચતા, ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ના પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ના પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧-૨૨, ૫મી મે, ૨૦૨૦ના પરિપત્ર નંબર ૦૨/૨૦૨૨ અને ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ના પરિપત્ર નંબર ૧૦/૨૦૨૨ (સામૂહિક રીતે એમસીએ પરિપત્રો તીરકે ઓળખાય છે) અને સિક્યોરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સામૂહિક રીતે સેબી પરિપત્ર તરીકે ઓળખાય છે), સેબીના પરિપત્ર તા.૧૨મી મે, ૨૦૨૦, સેબી પરિપત્ર ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧, સેબી પરિપત્ર ૧૩મી મે, ૨૦૨૨, સેબી દ્વારા જારી કરાયેલ ૨૫મી જાન્યુઆરીનો પરિપત્રને અનુસરતાં એજીએમ યોજાશે.

એમસીએ /સેબી દ્વારા આપવામાં આવેલી અધિકૃતતા અનુસાર, નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સાથે ૩૩મી એજીએમની નોટિસ તમામ સભ્યોને તેમના ઈ-મેલ આઈડી પર ઈ-મેલ દ્વારા મોકલવામાં આવેલ છે. અને વાર્ષિક અહેવાલની કોઈ ભૌતિક નકલો રવાના કરવામાં આવેલ નથી. વાર્ષિક અહેવાલના દસ્તાવેજો બીએસઈની વેબસાઈટ (www.bseindia.com) પર ઉપલબ્ધ હશે અને કંપનીની વેબસાઈટ (www.unisongroup.net) ઉપર પણ ઉપલબ્ધ હશે. તથા લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ.ની વેબસાઈટ https://instavote.linkintime.co.in.ઉપર પણ ઉપલબ્ધ રહેશે.

કૃપા કરીને નોંધ લેશો કે કંપની વીસી/ઓએવીએમ દ્વારા ૩૩મી એજીએમ બોલાવી રહી છે અને એજીએમ માટે સભ્યો, ડિરેક્ટર્સ, ઓડિટર અને અન્ય પાત્ર વ્યક્તિની ભૌતિક હાજરીની જરૂર રહેશે નહીં. એમસીએના પરિપત્ર મુજબ આ એજીએમ માટે સભ્યોને બદલે હાજરી આપવા અને મત આપવા માટે પ્રોક્સિની નિમણુંક કરવાની સુવિધા ઉપલબ્ધ નથી. જો કે બોડીઝ કોર્પોરેટ વીસી/ઓએવીએમ દ્વારા મીટીંગમાં હાજરી આપવા માટે અધિકૃત પ્રતિનિધિની નિમણુંક કરવા અને એજીએમ દરમિયાન ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપવા માટે હકદાર છે. સભ્યો, ડિરેક્ટર્સ, ઓડિટર અને અન્ય પાત્ર વ્યક્તિઓ કે જેમને આ સૂચના પ્રસારિત કરવામાં આવી છે તેઓ આ એજીએમમાં વીસી/ઓએવીએમ દ્વારા નિર્ધારિત સમયના ઓછામાં ઓછા ૧૫ મિનિટ પહેલાં હાજરી આપી શકે છે અને ૧૫ મિનિટ પુરી થયા બાદ બંધ થશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરી કરવાના હેતુથી વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજરી આપનાર સભ્યોની હાજરીની ગણતરી કરવામાં આવશે. જ્યારે સભ્ય વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજરી આપવા માટે લોગઈન થશે ત્યારે સભ્યોની હાજરી સીડીએસએલ પ્લેટફોર્મ ઉપર તે સમયે રેકોર્ડ કરવામાં આવશે.

કંપની લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા રિમોટ ઈ-વોટિંગની સુવિધા પુરી પાડીને ખુશ છે. મતદાન અધિકારો ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ (કટ-ઓફ તારીખ)ના રોજ સભ્યો દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. રિમોટ ઈ-વોટિંગ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ બુધવારના રોજ સવારે ૯-૦૦ કલાકે શરૂ થશે અને ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે પૂર્ણ થશે. ઈ-વોટિંગ મોડ્યુલને ત્યારબાદ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા અક્ષમ કરવામાં આવશે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપેલ નથી તેઓ એજીએમમાં તેમના મતદાનના હકનો ઉપયોગ કરી શકે છે. કંપનીએ એજીએમ દરમિયાન ઈ-વોટિંગની વ્યવસ્થા કરી છે.

સભ્યો પોતાના રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપવાના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં ભાગ લઈ શકશે પરંતુ સભામાં ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કૃપા કરીને નોંધ કરો કે રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા કોઈપણ સભ્ય દ્વારા આપેલ મતને અંતિમ અને બંધનકર્તા માનવામાં આવશે અને શેરધારકને પછીથી તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

એક વ્યક્તિ જેનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં ફક્ત કટ-ઓફ તારીખે નોંધેયાલું છે, તે એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ તેમજ ઈ-વોટિંગની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. રિમોટ ઈ-વોટિંગને લગતી વિગતવાર માહિતી માટે સભ્યો કૃપા કરીને એજીએમની નોટિસમાં નોંધો જોઈ શકે છે. જે વ્યક્તિ શેર મેળવે છે, નોટિસ મોકલ્યા બાદ અને કટ-ઓફ તારીખે શેરધારણ કરેલ છે અને કંપનીના શેરધારક બને છે તે એજીએમની નોટિસમાં દર્શાવેલ સુચનાને અનુસરીને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ કરી શકે છે.

ઈલેકટ્રોનિક માધ્યમથી ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા મતદાનની રિમોટ સુવિધાથી સંબંધિત કોઈપણ પ્રશ્નો અથવા ફરિયાદના કિસ્સામાં, સભ્યો મદદ વિભાગ હેઠળ www.evotingindia.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો(એફએક્યુ) અને ઈ-વોટિંગ મેન્યુલનો સંદર્ભ લઈ શકે છે. અથવા enotices@linkintime.co.in helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ લખી શકે છે અથવા ૦૨૨-૪૯૧૮ ૬૦૦૦, ૧૮૦૦૨૨૫૫૩૩ પર ફોન કરી શકો છો તથા આપ સીડીએસએલના સંબંધિત કર્મચારીઓનો ૦૨૨-૨૩૦૫૮૫૪૩ ૨૩૦૫૮૫૪૨ પર પણ સંપર્ક કરી શકે છે.

| લોગઈન પ્રકાર | હેલ્પડેસ્ક વિગતો |
|---|---|
| એનએસડીએલ સાથે સભ્યોએ ડીમેટ સ્વરૂપમાં શેર ધારણ કરનારા વ્યક્તિગત શેરધારકો | સભ્યો લોગઈનમાં કોઈપણ તકનીકી સમસ્યાનો સામનો કરી રહ્યા હોય તો તેઓ evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને એનએસડીએલ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે. અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦ પર ફોન કરી શકે છે. |
| સીડીએસએલ સાથે સભ્યોએ ડીમેટ સ્વરૂપમાં શેર ધારણ કરનારા વ્યક્તિગત શેરધારકો | સભ્યો લોગઈનમાં કોઈપણ તકનીકી સમસ્યાનો સામનો કરી રહ્યા હોય તો તેઓ helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને સીડીએસએલ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે. અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ પર સંપર્ક કરી શકે છે. |

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા વ્યક્તિગત શેરધારકો /સંસ્થાકીય શેરધારકો માટે હેલ્પડેસ્ક : લોગઈન માં કોઈપણ તકનીકી સમસ્યાનો સામનો કરી રહ્યા હોય તો તેઓ enotices@linkintime.co.in પર વિનંતી મોકલીને લિન્ક ઈનટાઈમ ઈનસ્ટાવોટ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે. અથવા ટેલિફોન નંબર ૦૨૨-૪૯૧૮ ૬૦૦૦ ઉપર સંપર્ક કરી શકે છે.

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી(એલઓડીઆર)રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨ અને કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ને લાગુ નિયમો સાથે વાંચતા અને તેનું પાલન કરતાં કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ગુરૂવાર થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ શનિવાર સુધી (બંને દિવસો સહિત) એજીએમના હેતુ માટે બંધ રહેશે.

બોર્ડના આદેશથી
યુનિસન મેટલ્સ લિમિટેડ માટે,
સહી
તીર્થ યુ. મહેતા (ડીન : ૦૨૧૭૬૩૯૭)
મેનેજીંગ ડિરેક્ટર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩